આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૭ | ૨૯ માર્ચ, ૨૦૧૪, શનિવાર; ફાગણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આપઘાતના વિચારો આવે ત્યારે અનાથાશ્રમમાં જઇ ને સાવ અજાણ્યા બાળકને એક ચોકલેટ આપવી અને એનું સ્મિત નીરખવું
- ગુલઝાર

# ગાંધીનગર ટીડીઓ સહિત દસને કારણદર્શક નોટીસ

## જિલ્લા વિકાસ અધિકારીની ઓચિંતી મુલાકાત દરમિયાન કર્મચારીઓ ગેરહાજર જણાયા હતા : ચૂંટણીની વ્યસ્તતાનો મુદો આગળ કરી કર્મચારીઓએ ખુલાસા કર્યા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારીશ્રી સહિત ૧૦ કર્મચારીઓને જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પાઠવેલી કારણદર્શક નોટીસનો મામલો વિકાસ કમિશ્નરની કચેરી સુધી પહોંચતા કર્મચારી આલમમાં સમગ્ર પ્રકરણ વિવાદાસ્પદ બનવા પામેલ છે.

આ પ્રકરણની હકીકત એવી છે કે ચૂંટણીની આચારસંહિતા જાહેર થયા બાદ જિલ્લા વિકાસ અધિકારીશ્રી ગાંધીનગર તાલુકા પંચાયતની કચેરીની મુલાકાતે ગયા હતા. આ મુલાકાત દરમિયાન તાલુકા વિકાસ અધિકારી સહિત ૧૦ કર્મચારીઓની ગેરહાજરીને લઈ તેમને કપાત પગારી રજા કેમ ના ગણવી તેવી કારણદર્શક નોટીસ આપવામાં આવી હતી.

આ પછી કર્મચારીઓ અને અધિકારીઓએ આપેલ નોટીસનો ખુલાસો કરતાં જણાવાયું હતું કે તેઓ ચૂંટણીની કામગીરીમાં વ્યસ્ત હોવાથી હાજર જણાયા ન હતા. જો કે આ પછી મામલો વિકાસ કમિશનરની કચેરી સુધી પહોંચવા પામ્યો હોવાનું જાણવા મળેલ છે.

વિકાસ કમિશનરશ્રીની કચેરીએ પણ ચૂંટણી પંચની કામગીરી અગ્રતા ધરાવતી હોવાથી સમગ્ર કાર્યવાહી પર પાણી રેડવાની સલાહ આપી હોવાની વિગતો પણ બહાર આવવા પામી છે.

● અનુસંધાન પાન - ૭ પર



## NEWS બિટ્સ

**● મે ઝાંસી નહીં છોડુંગી**

ભાજપના દિગ્ગજ નેતા ઉમા ભારતીએ સોનિયા ગાંધી સામે રાયબરેલીથી ચૂંટણી લડવાનો ઈન્કાર કર્યો છે. રાયબરેલીમાં સોનિયા સામે મજબુત ઉમેદવાર ઉભા કરવાની ભાજપની યોજનાના ભાગરૂપે ઉમા ભારતીને ટીકીટ આપવાની હતી પરંતુ તેઓએ જણાવ્યું છે કે તેઓ રાયબરેલીથી ચૂંટણી લડવા ઈચ્છતા નથી. તેમને ઝાંસીથી જ ટીકીટ આપવામાં આવે.



**● મોદી ૪૦૦ થ્રીડી સભા ગજવશે**

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી દેશમાં ૧૮૫ જેટલી જગ્યાઓ પર જઈ જાહેર સભાઓ સંબોધશે. ઉપરાંત ૪૦૦ જેટલી થ્રીડી સભાઓ દ્વારા જનસંબોધન કરશે. મોદી જ્યાં રૂબરૂ ન પહોંચી શકે પરંતુ લોકો તેને સાંભળી શકે તે માટે વિદેશી ટેકનોલોજીની મદદથી થ્રી ડાયમેન્શન સ્ટેજ સહિત સેટેલાઈટ સિસ્ટમ ગોઠવી સભા યોજવામાં આવશે. થ્રીડી સભા સંબોધવા માટે અમદાવાદ પ્રદેશ કાર્યાલય ખાતે આધુનિક ટેકનોલોજીથી વ્યવસ્થા કરવામાં આવી છે. તેઓ કુલ ૪૦૦ જેટલી સભાઓ કરશે.

**● સાબિરઅલી ભાજપમાં જોડાયા**



નરેન્દ્ર મોદીની પ્રશંસા કરવા બદલ જેડીયુમાંથી હકાલપટ્ટી કરાયેલ નેતા સાબિરઅલી ભાજપમાં જોડાયા છે. ભાજપમાં જોડાતા તેમણે કહ્યું હતું કે નીતિશકુમાર પ્રધાનમંત્રી બનવાના સપના જુએ છે અને આથી તેઓ નરેન્દ્ર મોદીની વિરૂદ્ધ થઈ ગયા છે.

**● હું 'આપ' સાથે નથી : આમીરખાન**



અભિનેતા આમીરખાને સ્પષ્ટતા કરી છે કે તેઓ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયેલા નથી. તેઓ 'આપ' સાથે કે અન્ય કોઈ પક્ષ સાથે જોડાયેલા નથી. સોશીયલ મિડીયામાં છેલ્લા કેટલાક સમયથી એવી વાત વહેતી થઈ હતી કે આમીરખાન આમ આદમી પાર્ટી સાથે જોડાઈ રહ્યા છે.

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# શહેરમાં આઠ કરોડના ખર્ચે વિવિધ ચાર માર્ગોની સુધારણા

## એપ્રિલ મહીનામાં કામ શરૂ થશે : 'ગ' માર્ગને પણ ચકાચક બનાવાશે

ગાંધીનગર, તા. ૨૮

શહેરમાં અંદાજિત ૮ કરોડના ખર્ચે વિવિધ ચાર માર્ગોના નવીનીકરણનું કામ હાથ ધરાશે. જેમાં 'ગ' માર્ગ ઉપરાંત જી.ઈ.બી.થી સ્મશાન તરફના રસ્તા સહીત રોડ નં. ૧ તેમજ રોડ નં. ૪ એનું નવીનીકરણ હાથ ધરવામાં આવશે. એપ્રિલ મહીનામાં રસ્તાના કામો શરૂ કરી દેવાશે.

શહેરના રોડ નેટવર્કને ચકાચક બનાવવા તથા સેકટરોના આંતરિક માર્ગો બાદ હાલ જૂના સેકટરોના આંતરિક રસ્તાઓનું કામ ચાલી રહ્યું છે. હોળી દરમિયાન બંધ રહેલી આ કામગીરી આગામી એકાદ દિવસમાં શરૂ થઈ જશે જ્યારે

● અનુસંધાન પાન-૭ પર

# વડોદરામાં વિક્રમી મતદાનની સંભાવના

## અમદાવાદ અને સુરત બાદ ગુજરાતના ત્રીજા સૌથી મોટા શહેરમાં મતદારોમાં ઉત્સાહ : ૨૦૦૯માં ભાજપની જીત

અમદાવાદ, તા.૨૮

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ વડોદરા બેઠક પરથી ચૂંટણી મેદાનમાં ઉતરવાનો નિર્ણય કર્યા બાદથી સમગ્ર દેશના રાજકારણીઓ અને લોકોની નજર આ બેઠક ઉપર પણ કેન્દ્રિત થઈ ગઈ છે. વડોદરાની બેઠકને લઈને હવે તમામ રાજકારણીઓ અને હરીફ પક્ષોએ પણ આંકડાકીય ગણતરીઓ શરૂ કરી દીધી છે. વડોદરાની બેઠક પર છેલ્લે ૨૦૦૯ની ચૂંટણીમાં ભાજપના બાલુ શુક્લની જીત થઈ હતી. બાલુ શુક્લએ આ બેઠક પર ચૂંટણી મેદાનમાં ઉતરીને ૪૨૮૭૯૨ મત મેળવ્યા હતા જ્યારે હરીફ પાર્ટી કોંગ્રેસના સત્યજિતસિંહે ૨૯૨૭૭૫ મત મેળવ્યા હતા. એકંદરે વડોદરાની બેઠક ભાજપ માટે હવે મહત્વપૂર્ણ બની ગઈ છે. વર્ષ ૨૦૦૯માં છેલ્લી લોકસભાની ચૂંટણીમાં વડોદરામાં ૪૯.૦૨ ટકા મતદાન થયું હતું.

● અનુસંધાન પાન-૭ પર



અકસીર ઔષધ - ચૈત્રના અણસાર લીમડા ઉપર આવ્યા છે... લીમડાની ડાળ પર મ્હોરના ઝુમખાં દેખાવા લાગ્યા છે... ચૈત્ર મહિનાના શુક્લ પક્ષમાં લીમડાના મ્હોરનો રસ પીવાથી આખુ વર્ષ માંદગી દેખા નથી દેતી... આવી માન્યતા આપણી સામાજીક સંસ્કૃતિની પરંપરા સાથે વણાયેલી છે... વિજ્ઞાન પણ એને પુષ્ટિ આપે છે... આયુર્વેદિક વિજ્ઞાન લીમડાના અનેક ગુણો વર્ણવે છે... અને ખાસ કરીને શરીરમાં નિર્માણ થતો વાયરસને મારવાની શક્તિ લીમડાના તત્વોમાં છે... અર્થાત્ રોગપ્રતિકારક શક્તિની વૃદ્ધિ માટે લીમડો અકસીર ઔષધ છે.... એલોપેથી જે એન્ટીબાયોટીકની વાત કરે છે તેમાં પણ લીમડાના પાનનો રસ ઉમેરાય છે... આમ લીમડો ઉપકારક છે, કડવો લાગે પણ લાંબા ગાળે રાહત આપનારો છે.... લીમડાનું વૃક્ષ જેવી શીતળ છાંય આપે છે એવી જ શીતળતા શરીરની આંતરિક પ્રક્રિયામાં પણ આપે છે... લીમડો કડવો છે... પણ ફળ (લીંબોળી) મીઠું છે... (તસવીર : દિપક જાની)



ચૂંટણીની ચહલપહલ - ગાંધીનગર લોકસભા બેઠક પર ચૂંટણીની ચહલપહલ શરૂ થઈ ગઈ છે... ભાજપના વરિષ્ઠ નેતા અને છ-છ વખત ગાંધીનગરનું સંસદમાં પ્રતિનિધિત્વ કરતાં પૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી ભાજપના ઉમેદવાર છે... શુક્રવારે તેમના દિકરી પ્રતિભા પાટીલ શહેરની મુલાકાતે આવતા બેઠકના વાલી અને રાજ્યના મહેસુલ મંત્રી આનંદીબેન પટેલ સહિત આગેવાનોએ વિસ્તારની સંપર્ક યાત્રા કરી હતી. યાત્રા પૂર્વે માનવમંદિર ખાતે માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

# ગુજરાતમાં મોદીની ૩૫ રેલી

## ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો દોર આગળ વધશે : મોદી વિજય ભારત રેલીના ભાગરૂપે જ ૨૦ અને ૨૮મી એપ્રિલ વચ્ચે રેલી યોજશે : સોનિયા, રાહુલ પણ આક્રમક

ગાંધીનગર,તા. ૨૮

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં લઈને ખુબ જ વ્યસ્ત કાર્યક્રમ ધરાવે છે. મતદારો સુધી પહોંચવા માટે તે તમામ પ્રયાસો કરવાના મુડમાં દેખાઈ રહ્યા છે. દેશના જુદા જુદા ભાગોમાં ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત હોવા છતાં મોદી ગુજરાતમાં પણ ઝંઝાવાતી પ્રચાર કરનાર છે. નરેન્દ્ર મોદી ગુજરાતમાં ૩૫ રેલીઓને સંબોધનાર છે. ગુજરાતમાં ૩૫ વિજય ભારત રેલી યોજનાર છે. આ રેલીઓ મોટાભાગે ગ્રામીણ મતવિસ્તારમાં યોજવામાં આવશે જ્યાં ભાજપ સરેરાશરીતે કમજોર છે. જો કે, મોદી અમદાવાદ પૂર્વ જેવા શહેરી મતવિસ્તારમાં પણ પ્રચાર કરનાર છે. પક્ષના રાજ્ય એકમના એક વરિષ્ઠ નેતાએ માહિતી આપતા કહ્યું છે કે, અમે મુખ્યમંત્રીની વિજય ભારત રેલી માટેની તૈયારી કરી ચુક્યા છે. આ તમામ રેલી મોટાભાગે ૨૦મી એપ્રિલ અને ૨૮મી એપ્રિલ વચ્ચે યોજાશે. ગુજરાતમાં મતદાન ૩૦મી એપ્રિલના દિવસે યોજાનાર છે. તેમણે ઉમેર્યું હતું કે, નબળા મતવિસ્તારમાં મોદી ઝંઝાવાતી પ્રચાર કરનાર છે. ગ્રામીણ વિસ્તારમાં કેટલીક જગ્યાએ ભાજપની સ્થિતિ નબળી છે.

નબળા વિસ્તારમાં જ આક્રમક પ્રચાર કરવામાં આવનાર છે. પરંપરાગત જાહેર રેલીઓ ઉપરાંત મોદી તેમની લોકપ્રિય ચાય પર ચર્ચા પણ યોજશે. ચાય પે ચર્ચાના ૧૫માં રાઉન્ડ યોજવામાં આવશે. આ બેઠકમાં જુદા જુદા મુદ્દાઓને આવરી લેવામાં આવશે. બીજી બાજુ કોંગ્રેસે પણ ગુજરાતમાં સ્ટાર પ્રચારકોને મેદાનમાં ઉતારવાની તૈયારી કરી છે જેમાં કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી, નાયબ પ્રમુખ રાહુલ ગાંધી અને વડાપ્રધાન મનમોહનસિંહ રેલીને સંબોધશે. એપ્રિલના છેલ્લા સપ્તાહમાં આ નેતાઓની બેઠક યોજાશે.

# આપ પાર્ટીના વધુ આઠ ઉમેદવારો જાહેર

ગાંધીનગર, તા.૨૮

આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવારોની ૧૨મી યાદી આજે જારી કરી દેવામાં આવી હતી. આ યાદીમાં કોઈ મોટા નામ દેખાઈ રહ્યા નથી પરંતુ પાર્ટીએ ગુજરાતમાં આઠ, રાજસ્થાનમાં બે, તમિળનાડુમાં પણ ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. છ રાજ્યોમાં ૩૫ લોકસભા સીટ માટે ઉમેદવારોની યાદી જારી કરાઈ છે. જેમાં અમદાવાદ પશ્ચિમમાંથી જ્યંતિલાલ જેઠાલાલ મેવાડા, ભાવનગરમાંથી કનુભાઈ કલસરિયા ઉપરાંત જયેન્દ્રસિંહ રાણા-ભરૂચ, અર્જુન રાઠવા - છોટાઉદેપુર, લાભુભાઈ બાદીવાલા - ખેડા, વંદનાબેન પટેલ - મહેસાણા, પિનલબેન સાવલીયા - રાજકોટ અને કે. સી. મુનિયા - દાહોદને ટિકિટ આપવામાં આવી છે.

અગાઉ આઠ ઉમેદવારો જાહેર કરાયા હતા. આમ કુલ ગુજરાતમાં ૧૮ ઉમેદવારો જાહેર કરાયા છે.

FOR THE STUDENTS WHO HAVE COMPLETED THEIR S.S.C. (10th) EXAM RECENTLY....

**FREE SEMINAR**

AT

**Infocity Junior Science College**

Information regarding...

- Group selection in Science stram (A or B or AB)
- About JEE-Main & ADVANCED, NEET/ AIIPMT/GUJCET.
- Wich Board is better : CBSE of State Board.
- Admission Procedure after 12th Science.

FREE ENTRY FOR SEMINAR

Date : 30/03/2014 (Sunday)

Time : Either Session - I : 9.00 to 10.30
OR Session - II : 10.30 to 12.00

Place : Infocity Junior Science College
Infocity Complex, Near GH-0,
Opp. Sector-2A, Gandhinagar

For registration, Contact : 8401149185

Please confirm your registration as soon as possible

## લોકસભા ચૂંટણી-૨૦૧૪

### મતદારયાદીમાં નામ ન હોય તો નોંધાવવા માટે છેલ્લા બે દિવસ બાકી

લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અને ગુજરાતની સાત વિધાનસભા મતવિભાગોની પેટાચૂંટણીઓ ગુજરાતમાં તા. ૩૦-૪-૨૦૧૪ના રોજ યોજાનાર છે. આ ચૂંટણીમાં મતદાન કરવા માટે મતદાર યાદીમાં નામ હોવું અનિવાર્ય છે. આખરી મતદારયાદી તા. ૩૧-૧-૨૦૧૪ના રોજ પ્રસિદ્ધ થઈ ગયેલ છે. આ મતદારયાદીમાં આપ આપનું નામ ચકાસી લો તે જરૂરી છે. જો આપનું નામ મતદારયાદીમાં ન હોય તો તે હજુ પણ નોંધાવી શકો છો.

**અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦-૪-૨૦૧૪, રવિવાર**

**આ માટે :-**

- તા. ૧-૧-૨૦૧૪ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજી કરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- ઉપર્યુક્ત નમૂનો કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી તથા જિલ્લા અને તાલુકાના મુખ્ય મથક ખાતેના 'મતદાર સુવિધા કેન્દ્ર'માંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો.
- આ કચેરીઓ તા. ૩૦-૩-૨૦૧૪ના રોજ રવિવારનો રજાનો દિવસ હોવા છતાં પણ સવારના ૧૧-૦૦થી સાંજના ૬-૦૦ વાગ્યા સુધી ચાલુ રહેશે.
- મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in ઉપરથી પણ આપ ફોર્મ નં. ૬ ડાઉનલોડ કરી શકશો અને આ વેબસાઈટ ઉપર ઓનલાઈન ફોર્મ-૬ ભરી શકશો.

**મતદારયાદીમાં નામ ચકાસવા માટે :**

- www.ceo.gujarat.gov.in વેબસાઈટ ઉપર લોગ ઓન કરો.
- ૧૯૫૦ નંબર ડાયલ કરો અને વિગતો મેળવો.
- આપના મોબાઈલ ફોનમાં ગુજરાત રાજ્યની કોઈપણ જગ્યાએથી epic<SPACE> આપનો મતદાર ઓળખપત્ર નંબર લખી ૯૨૨૭૫૦૦૯૫૮ નંબર પર SMS મોકલી આપો.

આપના પાસે મતદાર ફોટો ઓળખપત્ર હશે છતાં પણ મતદારયાદીમાં નામ ન હોય તે શકેય છે તેથી આપની પાસે મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં નામ ન હોવાના કારણે આપ મતદાન કરી શકશો નહી, આથી જો મતદાર ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ અવશ્ય ચકાસી લો કે જેથી લોકસભાની સામાન્ય ચૂંટણીઓ અને વિધાનસભાની પેટાચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.

માહિતી/૨૯૧૯/૧૩-૧૪ - મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાત રાજ્ય